CP/520 OP 2 [illegible] TP2-650 GR-500

જીરવાળાથી

ક્રમાંકઃ જી-૧(ક્રાઇમ)/દારૂબંધી/૩૨૩૮ /૦૯
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,
પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮
તા. ૩૦/૭/૨૦૦૯

સ્થાયી હુકમ નં. ૫/૦૯

**વિષયઃ** દારૂબંધીના કડક અમલ માટે સૂચવેલ પગલાં લેવા અને અમલવારીનો માસિક રીપોર્ટ કરવા બાબત.

**વંચાણે લીધાઃ** બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૨૩ની પેટા કલમ-એફ, જી અને એચ.

ગુજરાત રાજ્યમાં દારૂબંધીના લીધે સમાજમાં એકંદરે શાંતિ રહે છે અને મહિલાઓ પણ એકલ-દોકલ મધરાતે પણ ફરી શકે છે જે દેશના અન્ય રાજ્યોમાં જોવા મળતું નથી તેમ છતાં અમદાવાદ શહેરમાં થયેલ લઠ્ઠાકાંડનો હાલનો બનાવ ચિંતાજનક છે અને દારૂબંધીની અમલવારી વધુ કડક કરવાની જરૂરીયાત તરફ અંગુલીનિર્દેશ કરે છે.

૨. રાજ્યના તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં દારૂબંધીની ચુસ્ત અમલવારી માટે નીચે મુજબના પગલાં લેવા હુકમ કરવામાં આવે છે.

(૧) દારૂબંધીના કેસો જેની ઉપર થયા છે તેવા જાણીતા ગુનેગારોનું લીસ્ટ દર વર્ષે જાન્યુઆરી માસમાં અપડેટ કરવામાં આવે છે. આ લીસ્ટમાં લીસ્ટેડ બુટલેગર તરીકે નીચે મુજબના ધોરણો મુજબ નામોનો સમાવેશ કરવા સૂચના છે.

(ક) જે વ્યકિત ઉપર છેલ્લા ૫ વર્ષમાં પ્રોહી. એકટની કલમ-૬૫ અને કલમ-૬૬ મુજબના ૨ ગુનાઓ દાખલ થયા હોય (પીધેલા સિવાય) અને તેમાંથી ૧ ગુનો છેલ્લા ૨ વર્ષની અંદર દાખલ થયો હોય.

અને

(ખ) જે બુટલેગર ઉપર દારૂબંધીનો ગુનો દાખલ થયેલ નથી પણ પોલીસ ખાતું અને પ્રજા તમામ જાણતા હોય કે તેઓ મોટા બુટલેગર છે.

અને

(ગ) જે બુટલેગર ઉપર છેલ્લા ૫ વર્ષની અંદર ઉપર મુજબનો કોઇ ગુનો દાખલ થયેલ નથી પણ તેમના ઉપર અગાઉ ગુનાઓ દાખલ થયેલ છે અને પોલીસ ખાતું જાણે છે કે તેમની બુટલેગર તરીકેની પ્રવૃત્તિ હજુ ચાલુ છે.

(૨) લીસ્ટેટ બુટલેગરોના લીસ્ટમાંથી ટોપ-૨૦ બુટલેગરોનું લીસ્ટ નકકી કરી તમામ પોલીસ સ્ટેશન/શાખાઓને જાણ કરવી અને તેમની વિરૂધ્ધ અસરકારક પગલાં લેવાં.

(૩) લીસ્ટેડ બુટલેગરોનું વારંવાર ચેકિંગ કરવું અને કેસ થયેથી પાસા સહિતના કાયદેસરના પગલાં લેવા.

(૪) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાથે સંકલન કરી બુટલેગરો ઉપર વધુમાં વધુ પાસાના કેસો કરવા.

Ex. TAP1, L10 RPB 1530

TP2-650-2

(૫) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનો સહકાર કોઇ જીલ્લામાં મળતો ન હોય તો રેન્જ વડાશ્રી જીલ્લા મેજીસ્ટ્રેટ સાથે સંકલન કરશે અને તેમ છતાં જરૂર જણાય તો રેન્જ વડા પોલીસ મહાનિદેશકશ્રીને નીમ-પત્રથી જાણ કરવી.

(૬) પ્રોહી. એકટની કલમ-૯૩ ના કેસો કરતી વખતે સી.આર.પી.સી. ની કલમ- ૧૧૧ પ્રમાણે દરખાસ્તમાં જમાનતની રકમ, સંખ્યા અને પ્રકાર નકકી કરવાનો આગ્રહ રાખવો.

(૭) સરકારી કર્મચારીઓની જમાનત ઉપરથી જે જામીન મંજૂર કરવામાં આવે તેવો દરખાસ્તમાં આગ્રહ રાખવો.

(૮) પ્રોહી. એકટની કલમ-૯૩ મુજબની કાર્યવાહી કર્યા પછી બુટલેગર ઉપર ફરી ગુનો દાખલ થાય તો જામીન રદ કરાવવા માટે સી.આર.પી.સી. ની કલમ- ૧૨૨ પ્રમાણે કાર્યવાહી કરવી. જો બુટલેગર જામીનની શરતોનો ભંગ કરે તો તેને સી.આર.પી.સી. ની કલમ-૧૨૨ (૧)(બી) મુજબ જેલ હવાલે કરવામાં આવે તેવી દરખાસ્ત કરી પરિણામલક્ષી કાર્યવાહી કરવી.

(૯) દારૂના કેસોમાં જામીન ઉપર છૂટેલ હોય અને ફરીવાર કેસ થાય તો અગાઉના કેસોમાં જામીન રદ કરાવવા નામ. કોર્ટને સી.આર.પી.સી. ની કલમ ૪૩૭(૩)(બી) ટાંકી રીપોર્ટ કરવો અને જામીન રદ કરાવવા તજવીજ કરવી.

(૧૦) દારૂના કેસોમાં બુટલેગર ઉપર અગાઉ થયેલ કેસોની માહિતી કોર્ટ સમક્ષ લેખિત રજૂ કરીને સી.આર.પી.સી. ની કલમ ૪૩૭(૩)(બી) ટાંકી જામીન અરજીનો સખત વિરોધ કરવો.

(૧૧) પ્રોહી. ક્રાઇમ રજીસ્ટરમાં કોર્ટ તરફથી મંજૂર થયેલ જામીનના કેસોમાં જામીનદારનું નામ લખવું અને એકના એક વ્યકિત ૨ અથવા ૨ થી વધુ કેસોમાં જામીનદાર બન્યા હોય તો તેઓ કાયદા પ્રમાણે ધંધાદારી જામીન ગણાય. જેથી તેવા કેસોમાં જામીન અરજી રદ કરવા કોર્ટમાં રીપોર્ટ કરવો.

(૧૨) સી.આર.પી.સી. ની કલમ-૪૪૦ પ્રમાણે જામીનની રકમ નિયત કરવાની સત્તા પોલીસ અધિકારીની છે. છેલ્લા ૫૦ વર્ષથી રૂા. ૫૦૦/- કે રૂા. ૧૦૦૦/- ના જામીન લેવાની પ્રથા છે જે મોંઘવારીના લીધે અવાસ્તવિક બનેલ છે. હવે પછી પ્રોહીબીશન સહિતના દરેક ફોજદારી ગુનામાં ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦/- ના જામીન લેવામાં આવે તેવો આગ્રહ નામ. કોર્ટને કરવો. જામીન લાયક પીધેલા જેવા કેસોમાં પોલીસ ખાતાએ પણ રૂા. ૫,૦૦૦/- થી ઓછી રકમના જામીન હવે પછી લેશે નહિ.

(૧૩) સી.આર.પી.સી. ની કલમ-૪૪૫ મુજબ જામીનખતની અવેજમાં રોકડ ડીપોઝીટ પોલીસ અધિકારી લઇ શકે છે. જે જામીન લાયક પીધેલા જેવા કેસોમાં પોલીસ જામીન મંજૂર કરે છે તેમાં પણ રૂા. ૫,૦૦૦/- ની ડીપોઝીટ લેવી હિતાવહ છે અને કાયદેસરની પાવતી આપવાની રહેશે.

(૧૪) અવારનવાર ઉચ્ચ અધિકારીઓએ જાતે રેઇડમાં ભાગ લઇ કામગીરી અસરકારક બનાવવી.

(૧૫) ભૂતકાળમાં પોલીસ મહાનિદેશકશ્રી તેમજ ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલવેઝ) તરફથી રેલવે પોલીસની હદમાં ચાલતી દારૂ-જૂગારની બદી દૂર કરવા માટે શહેર/જીલ્લાની પોલીસ રેલવે પોલીસની હદમાં રેઇડો કરશે અને રેલવે પોલીસ રેલવેની

TP2-880-3

હદની નજીકમાં આવેલ શહેર/જીલ્લા વિસ્તારમાં રેઇડો કરશે તેવા હુકમો કરેલ છે તેનો સખત અમલ કરવા જણાવવામાં આવે છે.

(૧૬) દારૂના કેસોમાં પીધેલા પકડાય અથવા દારૂના કબજાનો કેસ થાય ત્યારે દારૂ કયાંથી પીધેલ છે અથવા કયાંથી લાવેલ છે તે વેચાણની જગ્યાએ તેમજ દારૂ વેચનાર જયાંથી દારૂ લાવેલ હોય ત્યાં ઉત્પાદન કેન્દ્ર સુધી ડીસ્કવરી પંચનામું કરીને સી.આર.પી.સી. ની જોગવાઇઓ મુજબ રેઇડો કરવી અને ધરપકડો કરવાની રહેશે. આવા કેસોમાં પ્રોહી. એકટની કલમ-૮૧ (મદદગારી) અને કલમ-૮૩ (ગુનાહિત કાવતરૂં) ની કલમો લગાડવી. આમાં શહેર/જિલ્લાની હદનો પ્રશ્ન રહેતો નથી. સી.આર.પી.સી. જેટલું આઇ.પી.સી. ઉપર લાગુ પડે છે તેટલું પ્રોહીબીશન એકટ ઉપર લાગુ પડે છે. જેથી તપાસ કરનાર બીજા શહેર/જિલ્લાની હદમાં પણ પોતાના કાયદાકીય સત્તાની રૂએ તપાસ દરમિયાન ડિસ્કવરી, સર્ચ પંચનામા કરીને મુદ્દામાલ જપ્ત કરવાની અને ધરપકડો કરવાની કાર્યવાહી કરશે. તેમ નહિ કરવું ફરજ પ્રત્યે ગંભીર ગેરવર્તણૂંક ગણાશે.

(૧૭) શહેર અને જીલ્લાની પોલીસે ભેગા મળી બોર્ડર વિસ્તારમાં સામૂહિક રેઇડોનું આયોજન કરવું. આ માટે રેન્જના વડાશ્રી અને પોલીસ કમિશનરશ્રી એકબીજાનો સંપર્ક કરી આગળની કાર્યવાહી કરવી.

(૧૮) રેન્જના વડાશ્રી એક જીલ્લાના પોલીસ અમલદારને બીજા જીલ્લામાં રેઇડો માટે મોકલશે અને કેસો કરાવશે.

(૧૯) દારૂના કેસમાં પકડાયેલ વાહનો કોર્ટમાંથી છૂટે નહિ તે માટે પ્રોહી. એકટની કલમ-૯૯ જે કેસોમાં વાહનો કબજે થયા છે તેમાં લગાડવી અને વાહનો અગાઉના ગુનાઓમાં પકડાયેલ હોય તો તેની વિગતો કોર્ટ સમક્ષ રજૂ કરવી તેમજ વાહન માલિકની તપાસ કરી પૂરાવા આધારે તેમની ધરપકડ કરવી. વાહન ચોરાયેલ હોય તો ચોરીનો ગુનો દાખલ કરી તપાસ કરવી.

(૨૦) અવારનવાર હાઇવે ઉપર અસરકારક સરપ્રાઇઝ નાકાબંધી કરવી અને દારૂની હેરફેર કરતા વાહનોને પકડી પાડવા તજવીજ કરવી.

(૨૧) દારૂના કેસોમાં મુખ્ય બુટલેગરોના નામો લખવામાં આવતા નથી તેવા કિસ્સાઓ ધ્યાને આવેલ છે. પકડાયેલ આરોપીઓની પૂછપરછ કરી પૂછપરછ આધારે અને મોબાઇલ ફોનના રેકર્ડ આધારે મુખ્ય બુટલેગરને પકડી પાડવાની કાર્યવાહી કરવી.

(૨૨) બુટલેગર પાસેનો મોબાઇલ ફોનના સીમકાર્ડ બોગસ દસ્તાવેજોના આધારે ખરીદેલ હોય તો છેતરપીંડી અને ફોર્જરી ઇ.પી.કો. કલમ-૪૬૭ વગેરે મુજબનો ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવી.

(૨૩) બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૫૬ અને કલમ-૫૭ મુજબની તડીપારની કાર્યવાહી અસરકારક કરવી. તડીપાર હુકમનો ભંગ કરેલ હોય તો બોમ્બે પોલીસ એકટની કલમ-૬૨ અને કલમ-૧૪૨ મુજબ કાર્યવાહી કરવી.

(૨૪) બહારની એજન્સી દ્વારા કેસ થયેથી સ્થાનિક પોલીસ વિરૂધ્ધ ઇન્કવાયરી કરવામાં આવે છે. ગુનો દાખલ થયેલ છે તે વિસ્તાર ઉપર કાર્યક્ષેત્ર ધરાવતા વિભાગીય પોલીસ અધિકારીશ્રીને

TP2 68074

ઇન્કવાયરી સુપ્રત કરવી નહિ પણ બીજા કાર્યક્ષેત્રના વિભાગીય પોલીસ અધિકારી/નાયબ પોલીસ અધીક્ષકશ્રીને તપાસ સુપ્રત કરવી.

(૨૫) ક્વોલીટી કેસોમાં ઇન્કવાયરીઓ એક માસની અંદર પૂર્ણ કરી અત્રેની કચેરીને રીપોર્ટ કરવાનો રહેશે. પોલીસ કમિશનર/રેન્જ વડાશ્રી જોશે કે આવા કેસોમાં સમય મર્યાદાનો ચુસ્તપણે અમલ કરવામાં આવે છે. અમલ ન થાય તો પોલીસ અધીક્ષકશ્રી/નાયબ કમિશનરશ્રીના વાર્ષિક ખાનગી અહેવાલમાં નોંધ કરવા તજવીજ કરવી.

(૨૬) દારૂમાં મિથાઇલ આલ્કોહોલ હોવાની શકયતા જણાય તો અગ્રતાના ધોરણે એફ.એસ.એલ. ધ્વારા ચકાસણી કરાવવાની રહેશે.

(૨૭) મિથાઇલ આલ્કોહોલનું લાયસન્સ ધરાવતા લાયસન્સ ધારકો ઉપર નશાબંધી ખાતાના અમલદારોને સાથે રાખી જરૂરી ચેકિંગ કરવું અને સ્વતંત્ર રીતે પણ ચેકિંગ કરવું.

(૨૮) બુટલેગરોએ દારૂના ધંધામાં વસાવેલ ગાડીઓ/મિલકતોની હકીકત ભેગી કરવી અને ઇન્કમટેક્ષ વિભાગ સાથે સંકલન કરી કાયદેસરની કાર્યવાહી કરવી. ગેરકાયદેસરની મિલકતો ડિમોલીશન કરાવવા કલેકટર, નગરપાલિકા/ મહાનગરપાલિકા સત્તાવાળાઓને રિપોર્ટ કરવો.

(૨૯) દેશી દારૂની બદી નાબૂદ કરવા માટે ખાદ્ય ગોળની માહિતી મળેથી એફ.એસ.એલ.ના અધિકારીઓ સાથે રેઇડો કરી અખાદ્ય ગોળ મળી આવે કેસો કરવા તેમજ અખાદ્ય ગોળની સાથે લાટા ઇસ્ટ વગેરે મળી આવે તો આવી વસ્તુઓ પણ કબજે લેવી.

(૩૦) પ્રોહી. ના કેસોમાં સારા પંચોની યાદી પ્રોહી. એકટની કલમ-૧૧૭(એ) મુજબ ગ્રામપંચાયત, નગરપંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાના સત્તાવાળાઓ પાસેથી મેળવી અને આવા પંચોને પ્રોહીબીશનના કેસોમાં રાખવા સૂચના છે.

(૩૧) પ્રોહી. એકટની કલમો મુજબ દારૂનું વેચાણ, કબજો જેવા ગુનાઓ સાબિત થયેથી પ્રથમ ગુનામાં ઓછામાં ઓછી ૨ માસની સજાની જોગવાઇ છે. ખાસ કારણો હોય તો નામ. કોર્ટને ઓછી સજા કરવાની સત્તા છે. તેમ છતાં જોવામાં આવેલ છે કે મોટાભાગના ગુનાઓમાં આરોપીઓ ગુનાની કબૂલાત કરે છે અને કોર્ટ તરફથી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૫૦/- થી રૂા. ૫૦૦/- સુધીના દંડની સજા કરવામાં આવે છે. સાંજની કોર્ટમાં કેસ ચાલતો હોય સાંજના ૬-૩૦ વાગે સજા થયેથી કોર્ટ ઉઠતા સુધી એટલે કે સાંજના ૮-૩૦ વાગ્યા સુધી ૨ કલાકની સજા ગણાય. સજા ઓછી કરવા માટેના કારણોમાં કોર્ટ તરફથી ઉંમર, બિમારી વગેરેના ખાસ કારણો એક કે બે લીટીમાં જજમેન્ટમાં લખવામાં આવે છે. નામ. કોર્ટ વધુથી વધુ કેસોનો નિકાલ કરવાના હેતુસર ઉપરોકત કાર્યવાહી કરે છે. લગભગ તમામ કેસોમાં ઉપરોકત કાર્યવાહી કરવાથી પ્રોહી. એકટની જોગવાઇઓનો ભંગ ગણાય તેમજ કાયદાની બીક ગુનેગારોમાં ખતમ થાય છે. જેથી દરેક શહેર/જીલ્લાના પોલીસ વડા સને. ૨૦૦૯ માં તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૦-૬-૨૦૦૯ સુધીમાં થયેલ તમામ કેસો જેમાં ઉપર મુજબનો નિકાલ થયેલ છે તેના બંચ બનાવી અપીલ દાખલ કરાવશે. પ્રોસીક્યુશન તંત્ર જીલ્લા મેજીસ્ટ્રેટ હસ્તક હોઇ તેમની સાથે સંકલન કરીને ૧ માસની અંદર અપીલ દાખલ કરાવી રીપોર્ટ કરશે.

૩. ઉપરોકત દરેક મુદ્દા ઉપર દર માસે કાયદેસર સખત કાર્યવાહી કરી પોલીસ કમિશનરશ્રીઓ અને રેન્જ વડાશ્રીઓ મુદ્દાસર અહેવાલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) ને

બીજા માસની ૧૦ મી તારીખ સુધીમાં મોકલશે. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) ઉપરોક્ત સૂચનાઓની અમલવારીનું મોનીટરીંગ કરશે અને રેન્જના વડાશ્રીઓ અને પોલીસ કમિશનરશ્રીઓના અહેવાલો આધારે તેમનો સર્વગ્રાહી રીપોર્ટ પોલીસ મહાનિદેશકશ્રીને બીજા માસના અંત સુધીમાં નિયમિત મોકલશે.

૪. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) ને જરૂર જણાય તો ઉપરોક્ત સૂચનાઓની અમલવારીનું મોનીટરીંગ કરવા માટે નિયત પ્રફોર્મામાં અહેવાલ મંગાવશે. જે પ્રફોર્મા તેઓશ્રી નિયત કરીને અત્રેની કચેરીની જાણ હેઠળ તમામને સરકયુલેટ કરશે.

૫. આ સ્થાયી હુકમની અમલવારીમાં નિષ્ક્રિયતા, નિષ્કાળજી અને બેદરકારી જણાય આવેથી સિનીયર અમલદારો વિરૂધ્ધ નોંધ લેવામાં આવશે અને જરૂર પડયે સરકારશ્રીને રીપોર્ટ કરવાની ફરજ પડશે. જેની નોંધ લેવી.

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**નકલ રવાના (જાણ સારૂ):**

- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- તમામ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

ર- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરકયુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં અત્રેની કચેરીને મોકલવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર